સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

જયાં જયાં જાય ત્યાં એ વચનોની જાળ પાથરે છે,
લાલ જાજમ તો ક્યાંક શબ્દોની જાળ પાથરે છે,
પાથરે રેલ્વેની લાઇન તો ક્યાંક વીજળી ઘર -
મતદારો ફસાવવા જાહેરાતોની જાળ પાથરે છે.

હાઈકુ

ગંદકી પર -
નગર ઉકરડે,
કરે લીંપણ..
(બાહ્ય ટાપટીપ)

રામદેવ ને
શિર્ષાસને 'યુ' ટર્ન
દેખાતા નથી!!
(કંમાડો વચ્ચે કેદ?)

ચિંતન

ન સ્વપ્નેન જયેન્નિંદ્રાં ન કામેન સ્ત્રિયં જયેત । નેન્ધેનન જયેદ્ધ હનિં ન પાનેન સુરાં જયેત ॥

ખૂબ જ ઉંઘ-ઉંઘ કર્યા કરવાથી - કુંભકર્ણની જેમ લાંબો સમય ઉંઘવાથી કંઇ નિંદ્રા પર વિજય મેળવી શકાતો નથી. કેટલાક લોકો બપોરના બાર બાર વાગ્યા સુધી ઉંઘ કરે છતાંય 'બપોર'ના નિયમ મુજબની ઊંઘ તો ઉધાર જ રહે!

કામ-ભોગ-વાસના ભોગવ્યા કરવાથી કંઇ 'સ્ત્રી' માટેની કામ-વાસના કે વાસના પર કાબૂ આવી જતો નથી.

અગ્નિમાં સતત દ્રવ્ય-લાકડાં ઉમેરવાથી કંઇ અગ્નિ શાંત થઇ જતો નથી ઉલ્ટું વધે છે.

એવી જ રીતે દારૂ-સિગારેટ જેવાં વ્યસન સતત ચાલુ રાખવાથી તેના પ્રત્યે કંઇ સંતોષ થઇ જતો નથી-ઉલ્ટું વધે છે.

આ રીતે શરીરની ઇન્દ્રિયોને એની મનની આવશ્યકતા પ્રમાણે પંપાળવાથી કે એની ઇચ્છાને વશ થવાથી કંઇ શાંત નથી એના માટે તો મનને મક્કમ કરી - સંયમથી જ એના પર કાબૂ મેળવી શકાય - તપ દ્વારા ઇન્દ્રિયો-ઇચ્છાઓ પર કાબૂ મળી શકે છે.

સુવિચાર

- કરો અહં નું તાપણું અને પછી સ્વજનો ને કહો કે, આ ઘર આપણું - સુભાષિત
- માણસ એમ માનીને ચાલી શકે કે જેટલી ઇચ્છાવૃદ્ધિ કરીશ તેટલાં દુઃખો વધવાના છે, એટલે સુખ પ્રાપ્તિની ઝંખનાઓમાં અટવાવાને બદલે જે મળે તેનાથી સંતુષ્ટ રહેવાની મનને તાલીમ આપવી જોઇએ - ડો. ચંદ્રકાન્ત મહેતા
- સ્વજનને આનંદ આપવો એટલે સૃષ્ટિને આનંદ-લ્હાણીમાં સહભાગી બનાવવી- મોરારી બાપુ
- માણસ ને કશી જ અપેક્ષા વગર માણસ તરીકે જોવો, એ માણસને સમજવો અને તેની મર્યાદાઓ પ્રત્યે સહિષ્ણુ રહેવાનો શ્રેષ્ઠ માર્ગ છે - માનસસૂત્ર
- 'મારી દૃષ્ટિએ અનેક ગેરસમજોનું મૂળ નિખાલસ સંવાદનો અભાવ છે'- સાધુ વાસવાની
- જ્યારે પ્રયત્નો એળે જતાં લાગે ત્યારે પરિસ્થિતિના પરિવર્તન પ્રત્યે અશ્રદ્ધાશીલ બની નિષ્ક્રિય રહેવાને બદલે ધીરજપૂર્વક માર્ગ શોધવાનો સતત પ્રયત્ન શ્રેયસ્કર છે - ભીખુદાન ગઢવી
- પ્રાયશ્ચિત શબ્દ 'પ્રાય' અને 'ચિત્ત' પરથી બનેલો છે. પ્રાયઃનો અર્થ થાય છે છે 'તપ' અને ચિત્તનો અર્થ થાય છે - 'નિશ્ચય, સંકલ્પ' - મુનિ ચંદ્રવિજયજી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

નેતાઓ પછી તે રાજકારણના હોય કે ધર્મકારણના પોતાની ખોટી-સાચી સમજ મુજબ સમાજને દોરી જાય છે. અને વિચાર-લક્ષ્યવિહીન લોકો ગાડરિયા પ્રમાણે તેની પાછળ દોરવાઇ જાય છે. થોડો પણ પોતાની બુદ્ધિ-વિચાર શક્તિ નિર્ણય લે તો સારું જ પરિણામ આવે છે.

ફ્રાન્સના પ્રકૃતિ વિદ વિજ્ઞાની જહોન હેન્રી ઇયળનો અભ્યાસ કરતો હતો. ઇયળનો સ્વભાવ પણ ઘેટાં જેવો જ. એક પાછળ બીજું વિચાર્યા વિના જાય.

હેન્રીએ એક મોટી ફૂલદાની કિનારી પર કેટલીય ઇયળ ગોઠવી અને વચ્ચે એમને ભાવતી ફૂણી પાંદડીઓ રાખી એ ધારે તો કિનારી પરથી સહેલાઇથી પાંદડાં પર જઇ શકી હોત - અને ભરપેટ મનભાવતો ખોરાક લઇ ખાઇ શકી હોત!

પણ ઇયળો કિનારીની ધાર પર ગોળ-ગોળ ફર્યા જ કરતી હતી કલાકો ફરી, થાકી અને ભૂકથી મરી પણ ગઇ. એમને એમ જ હતું કે કેટલાય કી.મી. ચાલ્યાં!

માણસ આશારામ-સતપાલો પાછળ આંખ મીંચી ચાલ્યા જ કરે છે. મનોબળ અને થોડોક પણ સ્વતંત્ર વિચાર કરે તો જિંદગીના-ધ્યેયના મીઠાં ફળ મળે પણ, પણ વિચારવું છે કોને - આ ઇયળીયો-ગાડરિયો પ્રવાહ... 'મતપેટી'ની કિનારી પર ઘણીવાર ફર્યા કરતો હોય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

અચાનક બાય બાય..!! લટકતી લાઇફ લાઇન 'સ્વ' થી 'સ્વર્ગસ્થ' સુધી..!!

રિટાયર થવાનો સમય થઇ ગયો, બરાબર થવાનો સમય થઇ ગયો
રમી લીધું ઘર-ઘર રમતમાં ઘણું, હવે ઘેર જવાનો સમય થઇ ગયો

હું મૃત્યુ પામીશ
અને તું ફૂલો મોકલીશ
જે હું જોઇ નહિ શકું
તો તું હમણાં જ ફૂલો મોકલને
હું મૃત્યુ પામીશ
અને તારા આંસુ વહેશે
જેની મને ખબર નહીં પડે
તો તું અત્યારે જ થોડું રડને
હું મૃત્યુ પામીશ
અને તું મારી કદર કરીશ
જે હું સાંભળી નહિ શકું
તું એ શબ્દો હમણાં જ બોલને
હું મૃત્યુ પામીશ
અને તું મારા દોષો ભૂલી જઇશ
જે હું જાણી નહિ શકું
તો તું મને હમણાં જ માફ કરી દેને
હું મૃત્યુ પામીશ
અને તું મને યાદ કરીશ
જે હું અનુભવી નહિ શકું
તો તું મને અત્યારે જ યાદ કરને
હું મૃત્યુ પામીશ
અને તને થશે કે
મેં એની સાથે થોડો વધારે
સમય વિતાવ્યો હોત તો?
તો તું અત્યારે જ એવું કર ને?

અમુક ઘટનાઓ બહુ અકલ્પનીય હોય છે. એક વાત બહુ આશ્ચર્યજનક છે કે કોઇનો જન્મ થવાનો હોય ત્યારે એ વાતની જાણ નવ મહિના પહેલાં જ થઇ જતી હોય છે, જયારે એ કાયમ માટે ચાલ્યો જવાનો હોય એનો અણસાર માત્ર કોઇનેય આવતો નથી. કયારેક માણસ વાત કરતાં કરતાં ચાલ્યો જાય છે. અને પછી ઉપરની કવિતામાં લખ્યું છે એમ બધી ફોર્માલિટી બેસણાં સાથેની થાય છે!!

ગૌતમ એના માતાપિતાથી અલગ એક જ શહેરમાં રહેતો. દર બુધવારે બપોરે લંચ ટાઇમમાં એમને મળવા જવાનો એનો નિત્યક્રમ. ખબર-અંતર પૂછે, વાતચીત કરે અને છૂટો પડે...

એવા જ એક બુધવારે ગૌતમ એણે લીધેલી સેકન્ડ હેન્ડ ઓપ્ટ્રા કાર બતાવવાં પપ્પાને ઘરે પહોંચ્યો. એમની સાથે વાતો કરી અને પછી કાર બતાવી, એની લાંબી કાર જોઇને પપ્પા બોલ્યા, 'આમા મારી ડેડ બોડી આરામથી આવી જશે...' ગૌતમે પણ સામે ગમ્મતમાં જ જવાબ આપ્યો, 'પપ્પા, શું કામ ઉતાવળ કરો છો? હજી આનાથી મોટી ઇનોવા ગાડી લાવીશું.'

શનિવારે ગૌતમના એક મિત્રના ભત્રીજાના લગ્ન હતાં અને એ એના પપ્પા સાથે ત્યાં જવાનો હતો. બધું પાક્કું થયું અને પપ્પાએ બપોરે એને કહ્યું, ''ટાઇમસર આવી જજે, મારે રાત્રે દસના શૉમાં તારા નાના ભાઇ સાથે ફિલ્મ જોવા જવાનું છે...'' ડિસેમ્બરનો પ્રથમ શનિવાર અંધારું વહેલું થાય, ગૌતમે ઓફિસના કામ ફટાફટ પતાવી જવાની તૈયારી કરી, અને એના પપ્પાનો ફોન આવ્યો તબિયત સારી નથી, હું તારી સાથે નહી આવી શકું... ગૌતમને મનોમન થયું પપ્પાને મારો વાતોડિયો સ્વભાવ ખબર છે, આ જલ્દી ઉખડશે નહીં અને મારું પિક્ચર જશે, એટલે બહાનું બનાવે છે!!

રાત્રે દસ વાગે ગૌતમ લગ્ન પતાવી ઘરે પહોંચ્યો અને એના ભાઇએ ચોંકાવનારા સમાચાર આપ્યા, 'પપ્પાને હાર્ટ એટેક આવ્યો છે અને હોસ્પિટલમાં દાખલ છે...' ગૌતમ ફટાફટ એની પત્નીને લઇને દસ જ મિનિટમાં દવાખાને હાજર થઇ ગયો. પ્રાથમિક સારવાર અપાઇ ચૂકી હતી. પપ્પા વ્યવસ્થિત વાતો કરતા હતા. ગૌતમને રાહત થઇ. પ્રથમ એટેક બહુ ટેન્શન જેવું નહીં. ગૌતમને પપ્પાની વાતો યાદ આવવા લાગી...

એમની ઉંમર ૭૫ વર્ષની, પણ ફિટનેશ ૩૫ વર્ષનાને શરમાવે એવી. એમનું પોતાનું જીમ, દિવસમાં ત્રણ વાર ત્રણ માળની સીડી ચડઉતર કરે. ડાયાબિટીસ એમને એમના પપ્પાએ વારસામાં આપેલી એકમાત્ર મિલકત. જિંદગી જીંદાદિલીથી જીવેલા. એમનાં વ્યાયામ શિક્ષક તરીકેની ધાક અને પ્રેમ બંનેનો વિદ્યાર્થીઓને અનુભવ. રમત-ગમત ક્ષેત્રે સમર્પિત. સ્વભાવ એવો કે બધાંને આદર્શ બને...

એની વિચારયાત્રા ચાલુ હતી અને એના પપ્પાએ કહ્યું, 'તું ઘરે જા, સવારે આવી જજે. બબ્બે જણાએ ઉજાગરા કરવાની જરૂર નથી.' ગૌતમનો મોટો ભાઇ સૌરાષ્ટ્રમાં નોકરી કરે. એને સમાચાર પહોંચાડ્યા હતા. મમ્મી, દીકરીને ત્યાં વડોદરા હતી, બધાં ફટાફટ પોતાના સ્વગૃહે પરત ફરવા લાગી ગયા... સવાર પડી અને ડૉકટરે જાહેર કર્યુ કે એમનો શ્વાસ કંટ્રોલમાં નથી, મોટી હોસ્પિટલ ખસેડવાં પડશે...

ગૌતમ સવારે એની ઓપ્ટ્રા ગાડી સાથે હાજર હતો... હજુ બે દિવસ પહેલા બોલેલા શબ્દો એને યાદ આવતાં એ ધ્રુજી ગયો. એ જ ગાડીમાં એમને અમદાવાદ ખસેડવામાં આવ્યા... એના પપ્પાના શ્વાસ, ગૌતમના વિચારો અને ગાડી બધાંની ગતિ તેજ હતી. ત્રણ ભાઇ - બે બહેન સાથેના આર્થિક પરિસ્થિતિ તંગ એવા પરિવારને અનેક તકલીફો વેઠીને એમણે સદ્ધર પરિસ્થિતિએ લાવીને મુકેલા. એમની મહેનતનું ફળ એટલે દરેક બાળકો સારું ભણ્યા, સરસ નોકરીએ લાગ્યાં અને સારી જગ્યાએ પરણ્યા... અચાનક હોસ્પિટલનો ગેટ આવતાં વિચારો થોભી ગયાં...

અનેક ટેસ્ટ અને દોડાદોડી શરૂ થઇ. ડૉકટરે કહ્યું કે હૃદયમાં એક વેઇન ફાટી ગઇ છે. બ્લિડીંગ ચાલુ છે. પણ સારું થઇ જશે. બપોરે બલુન ફીટ કર્યું. એ વ્યવસ્થિત વાતો કરતાં હતા, પણ પછી એમને ઓક્સિજન પર લેવા પડ્યાં. એમને ખૂબ તકલીફ પડતી હતી. વારેઘડીયે માસ્ક કાઢવા વિનંતી કરતા હતા. એમની તકલીફ અસહ્ય હતી. એમના બે પુત્રો અને ડૉકટર પુત્રવધુ ખડેપગે હતા. સાંજ પડતાં મોટો પુત્ર પણ આવી ગયો... ગૌતમ સૂર્યાસ્ત થયો અને ચૌધાર આંસુએ પોક મુકી રડવા લાગ્યો, એને કદાચ એના પપ્પાનો અંત દેખાઇ રહ્યો હતો...

રાત પડતા એમના એટેકને ૨૪ કલાક પુરા થયાં, ઑપન હાર્ટ સર્જરી કરવી પડશે એ વાત પર ડૉકટર આવી ગયા. ઑપરેશન થિએયરમાં ગયાં અને ત્યાં જ બીજો એટેક આવતાં એ બધાંને ગુડબાય કરી ગયા... એમની આ અનાચક બાય બાય પરિવારને હલાવી ગઇ. બિલકુલ ફિટ અને આનંદી માણસ આમ અચાનક ૨૪ કલાકના અલ્ટીમેટમાં જતો રહેશે એવું એમને ઓળખનારા કોઇએ જ કલ્પ્યુ નહોતું... આજે તો આ વાતને બે વર્ષ પુરા થશે, પણ એમનો ખાલીપો, એ વ્યક્તિ કે જે 'સ્વ' થી 'સ્વાર્પણ' કરી જે લાઇફ લાઇનને સમેટી 'સ્વર્ગસ્થ' થઇ ગયા હતા...

ગૌતમ વિચારમગ્ન હતો. હજી ત્રણ-ચાર મહિના પહેલાં એનો એક જુવાન મિત્ર કોઇ જ હિન્ટ વગર એટેકમાં જતો રહ્યો. એમના એક પરિચિત બહેનના પતિ રોડ એક્સિડેન્ટમાં પતી ગયા. ગૌતમના નાના ભાઇ-બહેનના સસરા પણ કદી વિચાર્યું ન હોય એમ ફટાફટ ગૌતમના પપ્પાને કંપની આપવા ચાલ્યા ગયા... ગૌતમ વિચારતો હતો હવે એમની યાદમાં આંસુ સારવા, ફુલો મોકલવા, સાંત્વના આપવી, યાદ કરવી એ કરતાં જીવતે જીવત મેં આ બધું કરી લીધું એ કેટલું સારું કર્યું... એના પપ્પાના શબ્દો યાદ આવતાં હતા, 'મારું શ્રાદ્ધ ન કરતાં અને યાદ આવે તો દાળવડાં લાવીને ખાઇ લેજો...' અને ગૌતમ પપ્પાની યાદમાં આજે એ દાળવડાંની લારી સામે સજળ નેત્રે ઊભો છે!!

ચૂંટલો :

કોઇકનું અચાનક જવું, જિંદગીમાંથી રિટાયર થઇ જવું અત્યંત વસમું હોય છે. જીવતે જીવત જેટલું ભોગવ્યું, જીવ્યાં, જાળવ્યું એટલું જ સત્ય, બાકી ગયા બાદનો લોકાચાર જનાર વ્યક્તિને શું ફિલીંગ્સ આપી શકે?

બા મને રોજ સમજાવીને કહેતી કે બેટા, સારા છોકરા આવું ન કરે, તેવું ન કરે, આ ન ખાય, પેલું ન ખાય, એનું પરિણામ એ આવ્યું કે હું કયારેક સારો છોકરો બનવાની ઈચ્છાથી, તો કયારેક બાની બીકમાં મને ન ગમતાં કામો કરતો હતો

નવાં કલેવર
- નટવર હેડાઉ

દિવસભર કામ કરીને થાકેલા જયારે હું ઘેર પાછો ફર્યો તો મેં જોયું કે મૌલી અધીરાઇથી બારણે તાકીને બેઠી બેઠી મારી રાહ જોતી હતી. દિવસભરનો થાક ભુલીને મેં તેને બાહુપાશમાં લઇ લીધી. અચાનક ગેસ પર મુકેલ પાણીનો અવાજ સાંભળીને એ મારા બાહુપાસમાંથી પોતાની જાતને છોડાવી રસોડા તરફ ભાગી.

થોડીવાર પછી એક ટ્રેમાં રહા અને ગોટા તથા પોતાની આંખોમાં છલકતો પ્રેમ લઇ એ મારી સામે ઊભી હતી. અને ત્યાં સુધીમાં હું પણ તાજો માજો થઇ ઓરડામાં આવી ગયો હતો. નાસ્તો કર્યા પછી મેં વાસણો ઉપાડી ને એક બાજુ મુકી દીધાં. તથા મૌલીના ખોળામાં માથું મુકીને મારી વિતેલ જીંદગીની ખાટીમીઠી પળોને વહેંચવા લાગ્યો.

તે પોતાના મખમલ જેવા મુલાયમ હાથે મારા વાળને સહેલાવતી મારી આંખોમાં આંખો નાંખી એક નજરે જોઇ રહી હતી. મારી અલ્લડ ઉંમર અને છોકરમત જેમાં હું હરએકને પોતાના બનાવવાની ઇચ્છા રાખતો. કોલેજના મસ્તીના દિવસો, મિત્રોની સાથે રમવું અને સ્કુલ જવામાં મોડું થાય ત્યારે બા દ્વારા ધમકાવવાનું, ખીજાવાનું અને કયારેક લાડ કરવાનું કેવું હોય છે એ બધું.

અનાયાસ મારું ધ્યાન બા પર કેન્દ્રીત થઇ ગયું. મારી આંખોમાં એક એક કરીને બધા દૃશ્યો ચલચિત્રની જેમ સજીવ થઇ ઉઠ્યાં. જયારે બા મને ભણાવતી અને કોઇ પ્રશ્નનો જવાબ હું સમજી ન શકું તો ખીંજાઇને ગાલ પર તમાચો ચોડી દેતી. હું બહું રોતો. મને રોતો જોઇને બાનો ગુસ્સો ઓર વધી જતો. ત્યારે બા મને ખુબ મારતાં તેથી ફરી માર ન પડે એ બીકે હીબકાં ભરતો થાકી હારીને ચુપ થઇ જતો. હું જો રીસાઇ જાઉં તો બા મને કયારેક મનાવતી નહીં. કદાચ તેને એમ લાગતું કે વધારે પડતાં લાડ પ્રેમથી હું બગડી જઇશ.

મને બરાબર યાદ છે એ જે દિવસે મને મારે તે પછી તે ખુદ પણ ખુબ જ રોયા કરતી અને મારા માટે આઇસ્ક્રીમ, ચોકલેટ, પિઝા વગેરે મારી પસંદનું ખાવાનું મંગાવવાનું કયારેય ભુલતી નહીં. જયારે હું ડૂસકાં ભરતાં ભરતાં સુઇ જતો ત્યારે બા કયારેક મારા ગાલને ચુમતી તો કયારેક મને ગળે વળગાડતી. તે આ બધું પ્રાયશ્ચિત કરવા માટે કર્યા કરતી કે પછી મારા પ્રત્યેના સ્નેહની અભિવ્યક્તિ કરતી હતી. એ હું કયારેય સમજી ન શક્યો. પરંતુ બા જયારે મને બથમાં લઇને મારા ગાલને ચુમતી કે મારા માથે સ્નેહભર્યા હાથ ફેરવતી ત્યારે મને બહુ સારું લાગતું. અને હું મનોમન નિશ્ચય કરતો કે હવે હું એવું કોઇ કામ નહીં કરું જેનાથી બાને ગુસ્સો આવે કે પછી મને મારવો પડે.

મને લાગે છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાના બાળપણના આ દૃશ્યને કયારેય ભુલી શકતો નહીં હોય. આજ મને તેના વિના મારું બાળપણ અધુરું લાગે છે. કદાચ એટલે કે હવે મને ખબર પડી ગઇ છે કે ખરેખર તો એ બાળકો જ ભાગ્યશાળી હોય છે જેને માતાપિતાનો માર અને પ્રેમ બંને મળે છે. એ સાચું જ છે કે મા થી મોટો કોઇ શિક્ષક આ દુનિયામાં હોઇ જ ન શકે. પરંતુ મને એ બરાબર લાગતું નથી કે બાળકને શિક્ષિત અને અનુશાસિત કરવા માટે તેને શારીરિક અને માનસિક રૂપે ઉત્પીડન કરવામાં આવે. નિઃસંદેહ વધુ પડતાં લાડ બાળકને જીદ્દી અને ઉદ્દંડ બનાવી દે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે તેને આજ્ઞાકારી બનાવવા માટે તેના તરફ એટલો રૂક્ષ અને કઠોર વ્યવહાર કરવામાં આવે કે તે પોતાના બાળપણના સુખથી વંચિત થઇ જાય જે તેનો જન્મસિદ્ધ અધિકાર છે.

મને આજે પણ સારી રીતે યાદ છે કે જયારે હું બા સાથે કોઇના ઘેર જતો તો ચુપચાપ બેસી રહેતો અને તેમની આંખોના ઇશારે જ ટેબલ પર પડેલ બિસ્કીટ કે ખાવા પીવાની કોઇ ચીજ ઉપાડતો. મને આવો આજ્ઞાંકિત જોઇને લોકો જયારે મારાં વખાણ કરતાં ત્યારે બાનો ચહેરો ગર્વથી ખીલી ઉઠતો. પરંતુ બા એ સમજી શકતી નહોતી કે અજાણતાં એ મારું બાળપણ છીનવી રહી છે. એવી બાઇની કડકાઇ કે તેની આજ્ઞા વગર હું રમી પણ શકતો નથી. જયારે હું ઘરની બાલ્કનીમાંથી મારી સાથેના બાળકોને રમતાં જોતો ત્યારે મને પણ મન થતું કે હું પણ તેમની જેમ વરસાદમાં પલડું, દડાની પાછળ ભાગું. તળાવમાં પડેલ દડાને કાઢું અને આકાશમાં દડાને ઊછાળીને કુદીને તેને પકડી લઉં.

એક દિવસ મેં જયારે બાને કહ્યું કે મારે મારા મિત્રો સાથે ક્રિકેટ રમવા જવું છે. તો બાએ મના ફરમાવી દીધી. તે જ દિવસે તેણે મારા માટે બજારમાંથી બેટ અને રબ્બરનો દડો લાવી મને આપ્યો. જયારે હું તો ઘરની બહાર જઇને મારા મિત્રો સાથે ટેનિસ બોલથી રમવા માંગતો હતો. તે કેવો વાગે છે એ અનુભવવા માંગતો હતો. તેમજ મેદાનમાં ભાગવા માંગતો હતો. પણ બા મને સારો છોકરો બનાવવા માંગતી હતી. તેથી મને એવું કંઇ કરવાની છૂટ ન હતી. જે સામાન્ય બાળકો કરતાં હોય. કેમ કે મારે કંઇક વિશિષ્ટ બનવાનું હતું.

બા મને રોજ સમજાવીને કહેતી કે બેટા, સારા છોકરા આવું ન કરે, તેવું ન કરે. આ ન ખાય, પેલું ન ખાય.

એનું પરિણામ એ આવ્યું કે હું કયારેક સારો છોકરો બનવાની ઇચ્છાથી, તો કયારેક બાની બીકમાં મને ન ગમતાં કામો કરતો હતો. પરંતુ તેના કારણે મારી અંદર આક્રોશ અને અસંતોષ વધતો જતો હતો. મહત્ત્વાકાંક્ષાઓ વધતી જતી હતી અને મારું બાળપણ હું ગુમાવતો જતો હતો.

નવમા ધોરણમાં બાપુજી જયારે મારી માટે પુસ્તકો લાવ્યા તો તેની જાડાઇ જોઇને બા એટલી ડરી ગઇ કે તેણે મને પુછ્યું 'તું આટલું વાંચી શકીશ. જયારે આઠમા ધોરણમાં બીજા નંબરે રહેતો તો આ વખતે તો વધુ પાછળ જ જવાનો માટે, સાયન્સ ન લેતો.'

બાની વાતો સાંભળીને મને બહુ ગુસ્સો આવતો. કેમ કે એ મારા નિશ્ચય અને આત્મવિશ્વાસને ઠેસ પહોંચાડતી હતી. તેમજ મારા પ્રત્યે અવિશ્વાસ દર્શાવતી હતી. જયારે મારી ટીચર્સ મને મારા મિત્રોને મારી પર બહુ જ વિશ્વાસ હતો. જો કે પછી બા એ બાપુજીના સમજાવવાથી અને ટીચર્સની સલાહથી મને સાયન્સ વિષય લેતાં રોક્યો નહીં. પણ મારા મનમાં એ વાત એવી રીતે ઘરબી દીધી કે મારે જ કલાસમાં બધા કરતાં આગળ આવવાનું છે. દર વખતે બા મને એ વાત યાદ કરાવ્યા કરતી કે બોર્ડની પરીક્ષામાં મેરીટમાં સ્થાન આવવું જોઇએ.

(ક્રમશઃ)

યાદ તો એને કરવા પડે કે જેને આપણે ભુલી ગયા હોઈએ

યુદ્ધમાં અને પ્રેમમાં એ જ તો એક માત્ર ફરક હોય છે કે યુદ્ધમાં તમે સામેવાળાને મિટાવીને જીત મેળવો છો, જયારે પ્રેમની બાબતમાં તમે ખુદને મિટાવીને જીત મેળવો છો, પ્રેમમાં ડૂબેલી વ્યક્તિ ભલે ભીતરથી દુઃખી હોઇ શકે, પરંતુ એવી પ્રેમમય વ્યક્તિ બીજા કોઇને દુઃખી કરતી નથી

ગુલમહોર
- દિનેશ દેસાઇ

એક સમયની વાત છે. સ્વર્ગમાં વિચરતા વિચરતા ભગવાન શ્રીકૃષ્ણને સામેથી આવી રહેલાં રાધાજી મળી ગયાં. વિચલિત થયેલા ભગવન અને પ્રસન્નચિત્ત એવાં રાધાજી. ભગવાન તો સહેજ ખચકાયા પણ ખરા પરંતુ રાધાજીના હોઠ ઉપર તો સદાયનું નિરાળું સ્મિત. બાળ-કિશોરવયે કૃષ્ણ-કનૈયાએ જયારે ગોકુળ છોડીને મથુરાની વાટ પકડી તે પકડી. એ પછી તેઓ જીવનમાં કદીય ગોકુળ પાછા ફર્યા નથી કે રાધાજીને મળ્યાં પણ નથી.

ભગવાન શ્રીકૃષ્ણ કશું બોલે એ પહેલાં તો રાધાજી નજીક આવીને બોલ્યાં કે - કેમ છો દ્વારકાધીશ?

જે રાધાજી ગોકુળમાં ભગવાનને કાન્હા-કાન્હા કહીને બોલાવતાં હતાં તેમના મુખેથી આજે - દ્વારકાધીશ - સંબોધન સાંભળીને શ્રીકૃષ્ણના હૃદયને ભીતરથી ચોટ લાગી.

આમ છતા ભગવાન સ્વસ્થ થઈને જવાબમાં કહે છે કે - રાધાજી, હું તો તમારા માટે આજે પણ એ જ કાન્હો છું. મને તમે દ્વારકાધીશ ન કહો. આવો, બેસીને વાત કરીએ. સાચું કહું તો જયારે પણ તમારી યાદ આવતી ત્યારે આંખો અશ્રુઓથી છલકાઈ જતી.

રાધાજી બોલ્યાં કે - તમારી બાબતમાં એવું થયું હોય એમ માની શકાય. પરંતુ મારી સાથે એવું કશું જ નથી થયું. ના તો તમારી યાદ આવી છે કે એકેય વાર આંખમાં કોઈ વાર આંસુ પણ આવ્યું નથી.

શ્રીકૃષ્ણ તો આ વાત સાંભળીને ચોંકી ગયા. તેમણે રાધાજી તરફ પ્રશ્નસૂચક નજર પણ કરી.

રાધાજીએ કહ્યું ક - મારે તમારા જેવું નથી બન્યું, એનું કારણ એટલું જ કે અમે તો તમને ભુલ્યા જ નથી તો પછી યાદ કરવાની વેળા જ ક્યાંથી આવે? યાદ તો એમને કરવા પડે કે જેમને આપણે ભુલી ગયા હોઈએ. તમને અમે, આખું ગોકુલ, વૃંદાવન, ગોપ-ગોપીઓ, ગોવાળો અને યમુના તીર, ગોવર્ધન, એમ સહુ સતત સ્મરણમાં જ રાખતાં આવ્યાં છે. અમારી આંખોમાં તો તમે સતત અને સદાય વસેલા જ છો. કદાચ આંસુઓ સાથે તમે પણ વહીને આંખમાંથી બહાર નીકળી જાઓ એવી ભીતિના કારણે અમે તો રડી પણ શક્યા નથી.

એક તરફ ભગવાન શ્રીકૃષ્ણ સાંભળતા જ રહ્યા અને રાધાજી મનની વાત કહેતાં જ રહ્યાઃ એક તો પ્રેમ અને બીજું ગોકુળ, એનાથી જુદા થવાથી તમે શું ગુમાવ્યું એની પણ વાત કરું. તમે પસંદ કરેલા રસ્તા અને મંઝિલના કારણે યમુનાનાં મીઠાં નીરથી તમે તમારી જિંદગી શરુ કરી અને છેવટે દ્વારકા નગરીના ખારા પાણી સુધી તમે પહોંચી ગયા. એક આંગળીથી ચાલનાર સુદર્શન ચક્ર તમારી નજીક વસી ગયું અને દસે-દસ આંગળીઓથી સુમધુર સૂર છેડતી વાંસળીને તમે વિસારે પાડી દીધી. જયારે તમે પ્રેમ અને ગોકુળ સાથે નાતો ધરાવતા હતા ત્યારે દુનિયા કેટલી સુંદર અને મધુર હતી. જે ટચલી આંગળી ઉપર તમે ગોવર્ધન પર્વત પાડી લીધો હતો, એ આંગળી લોકોને વિનાશથી બચાવવાના કાર્યમાં આવતી હતી. પરંતુ પ્રેમને તમે જુદો પાડ્યો એ પછી તે જ આંગળી સુદર્શન ચક્ર ઠાવીને વિનાશના કામમાં વપરાવા લાગી.

રાધાજી આજે ખુબ વિહવળ હતાં. કાન્હા અને દ્વારકાધીશ વચ્ચે શો ફેર છે, એ વિશે પણ તેઓએ કહ્યું કે - જો તમે કાન્હા જ હોત તો તમે સામે ચાલીને સુદામાના ઘરે એમને મળવા માટે ગયા હોત. સુદામા સામે ચાલીને તમને મળવા તમારા રાજમહેલમાં આવ્યા ન હોત. પરંતુ સુદામાને છેક પોરબંદરથી દ્વારકા આવવું પડ્યું એનો અર્થ જ એ છે કે એ પોતાના એવા બાળસખાને મળવા ગયા કે જે બાળસખા એ વખતે દ્વારકાના અધિપતિ બની ગયા છે.

રાધાજી વાતને આગળ વધારતાં કહે છે કે - યુદ્ધમાં અને પ્રેમમાં એ જ તો એક માત્ર ફરક હોય છે કે યુદ્ધમાં તમે સામેવાળાને મિટાવીને જીત મેળવો છો, જયારે પ્રેમની બાબતમાં તમે ખુદને મિટાવીને જીત મેળવો છો. પ્રેમમાં ડૂબેલી વ્યક્તિ ભલે ભીતરથી દુઃખી હોઈ શકે, પરંતુ એવી પ્રેમમય વ્યક્તિ બીજા કોઈને દુઃખી કરતી નથી.

રાધાજી આજે સત્યવચન અને સાક્ષીભાવ સાથે ભગવાન શ્રીકૃષ્ણને મનની વાત કહી રહ્યાં હતાં. તેઓએ કહ્યું કે - હે દ્વારકાધીશજી, તમે તો અગણિત કળાઓના જ્ઞાતા છો, સ્વપ્નદ્રષ્ટા પણ છો. શ્રીમદ્ ભગવત્ ગીતા જેવા પૂણ્યગ્રંથના રચયિતા પણ છો. છતા તમે કેવો નિર્ણય કર્યો હતો. એક રાજા તરીકે તમે પોતાની સમગ્ર સેના કૌરવોને સોંપી દીધી અને પોતાની જાતને પાંડવો સાથે રાખી. સેના તો તમારી પ્રજા હતી અને દરેક રાજવી પોતાની સેના માટે અધિપતિ, રક્ષક, રખેવાળ જ ગણાય. આમ છતા તમે કેવો નિર્ણય કર્યો. તમારા જેવા સર્વકાળસર્વજ્ઞ અને મહાન રાજવી જે રથના સારથિ બન્યા એ રથ ઉપર સવાર થઈને બાણાવળી અર્જુન કૌરવોની સેના ઉપર બાણવર્ષા કરી રહ્યો હતો, એ વાસ્તવમાં તો તમારી જ સેનાના સૈનિકોને હણી રહ્યો હતો. જે પ્રત્યક્ષ રીતે તો તમારા જ વફાદાર સૈનિકો હતા અને તમારા કાજે જ તમારી દ્વારકાની સેનામાં જોડાયા હતા. તેમનો કોઈ જ વાંક-ગુનો નહોતો. એટલું જ નહી, તેમને મરતા બચાવવાની તમારી જ એકમાત્ર ફરજ હતી. પરંતુ તમારી નજર સામે જ તમારા સૈનિકો મોતને ઘાટ ઉતરી રહ્યા હતા ત્યારે કરુણાઅવતાર તરીકે તમારા હૃદયમાં કરુણા કેમ પ્રગટ ન થઈ?

રાધાજી બોલ્યાં કે - કુરુક્ષેત્રના રણમેદાનમાં તમને તમારા જ સૈનિકો પ્રત્યે મમતા એટલા માટે જાગી નહી, કેમ કે તમે પ્રેમશૂન્ય થઈ ગયા હતા. તમારી પાસે પ્રેમ નહોતો. પ્રેમમાં કરુણાનો સમાવેશ થઈ જાય. પ્રેમની ગેરહાજરી હોય ત્યાં રાગ-દ્વેષ અને ક્રોધ, અહંકાર અને આડંબર આદિ દુર્ગુણો પણ આવી જાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)